# જામનગર ચેમ્બર દ્વારા કેન્દ્રીય બજેટ અંગે સાંસદ સાથે વિચાર ગોષ્ઠી

## લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક વિજય અંગે સંસ્થા દ્વારા સાંસદનું અભિવાદન કરાયું



**ખબર-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ચેમ્બર સંલગ્નં વિવિધ એસોસીએશનો દ્વારા ચેમ્બર ખાતે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં વિજેતા થયેલ જામનગરના સંસદ પુનમબેન માડમનો અભિવાદન સમારંભ તથા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના યુનિયન બજેટ અંગે ચર્ચા વિચારણા કરવા એક વિચાર ગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રની શરૂઆતમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા કાર્યક્રમના મુખ્ય મહેમાન પુનમબેન માડમ તથા ઉપસ્થિત સૌનુ સ્વાગત કરવા જણાવેલ વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં સાંસદ તરીકે વિજેતા થયેલ પુનમબેન માંડમને સન્માનિત કરવાની તક ચેમ્બરને સાંપડેલ છે.વધુમાં ચેમ્બર દ્વારાપેનલ બેઠકો યોજી મુદ્દાઓ તૈયાર કરી પ્રતિવર્ષ યુનિયન બજેટ અંગેના સુચનો (પ્રિ-બજેટ મેમોરેન્ડમ) મોકલવામાં આવે છે. આ વર્ષ આપણા સાંસદ સાથે યુનિયન બજેટ ૨૦૨૦ના સુચનો(પ્ર-બજેટ મેમોરેન્ડમ) અંગે ચર્ચા વિચારણા કરવા અને આપણા પ્રશ્નોને સાંસદના સાથ અને સહકારથી નાણામંત્રી સમક્ષ રજુ કરવા બેઠક યોજવામાં આવી હતી.ત્યાર બાદ ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખ રમણીકભાઈ પી. અકબરી,માનદ મંત્રી અક્ષરભાઈ વ્યાસ, માદન સંહમંત્રી કૃણાલભાઈ વી.શેઠ,માદન ખનાનચી અજેશભાઈ વી પટેલ, માદન ઓડીટર રાજેશભાઈ બી.ચાંગાણી,માદન સંપાદક સુધીરભાઈ વછરાજાની, ચેમ્બરના તત્કાલીન પુર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, પુર્વ પ્રમુખ કિરિટભાઈ પી. મહેતા, લાખાભાઈ એમ.કેશવાલા તથા ઉપસ્થિત ચેમ્બર સંલગ્ન એસોસીએશનોના સર્વ જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશનોના ખજાનચી ભાઈલાલભાઈ સી.ગોધાણી,ધી સીડસ એન્ડગ્રેઈન મર્ચન્સ એસોસીએશનોના મંત્રી લક્ષીદાસભાઈ રાયઠઠા, જી.આઈ.ડી.સી.પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશનના ઉપપ્રમુખ દિનેશભાઈ ડાંગરીયા, જામનગર ઈલેક્ટ્રીક કોન્ટ્રાકટર એન્ડ ડીલર્સ એસોસીએશનના મંત્રી કિરીટભાઈ મહેતા ,પટેલ કોલોની ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના જીતેન્દ્રસિંહ ઝાલા,ઈન્કમ ટેકસ પ્રેકટીશ્નર્સ એસોસિએશનના મંત્રી કપીલભાઈ દોશી,એક્ઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ કાંથીભાઈ જોષી,જામનગર ગુડઝ ટ્રાન્સપોર્ટર એન્ડ કમિશન એજન્ટ એસોસીએશનના વિક્રમભાઈ ઓડેદરા, જામનગર શેર હોલ્ડર્સ એસોસીએશનના પ્રમુખ મુગટભાઈ શાહ, જામનગર બારદાનવાલા એસોસિએશનના ઉપ પ્રમુખ શંભુભાઈ મંગે, સોરાષ્ટ્ર ઓઈલ મીલ એસોસીએશનના અશ્વિનભાઈ સરોડીયા, તથા જામનગર હાર્ડવેર મેન્યુફેકચરર એસોસીએશનના મનસુખભાઈ સાવલાના વગેરે મહાનુભાવોના હસ્તે માન.સંસદ સભ્ય પુનમબેન માડમનુ પુષ્પ ગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતુ. ત્યાર બાદ ચેમ્બરની ઈન્કમ ટેકસઅને કોર્પોરેટ લોઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે ચેમ્બર દ્વારા તૈયાર કરેલ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦ ના બજેટ (પ્રિ-બજેટ મેમોરેન્ડમ)ના સુચનોનુ વાંચન કરેલ હતુ. તેમજ ઉપસ્થિત સભ્યો તથા વિવિધ એસોસીએશનોના હોદેદારો દ્વારા રજુ કરવામાં આવેલ સુચનાને નાણામંત્રાલય દ્વારા માન્યતા આપવામાં આવે જેથી વેપાર ઉધોગને રાહત થાયતે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સંસદ સભ્ય પુનમબેન માડમને રજુઆત કરેલ હતી.